

## મધુ અને ટોમી

નાનકડી મધુ. પાંચ વરસની બાળકી. મીઠડી છોકરી.... એને કૂતરા ગમે. નાનાં નાનાં ગલુડિયાં ગમે. શેરીમાં રમતા ગલુડિયાંને ઊંચકે, રમાડે, પંપાળે.... પોતાને ઘેર લાવે. મમ્મી પાસે દૂધ માગે, રોટલી માગે. ગલુડિયાંને દૂધમાં રોટલી પલાળીને ખવડાવે.

આવું તો મધુ રોજ કરે. એમાં એક બદામી રંગનું ગલુડિયું મધુ જોડે હળીમળી ગયું. મધુએ એનું નામ ટોમી પાડયું. ટોમીડું રોજ સવારે નવ વાગે મધુને ઘેર આવે. મધુ એને રોજ દૂધ–રોટલી ખવડાવે.

કોઈ વાર મમ્મી દૂધ ન આપે ને લડે તો મધુ પોતાના દૂધમાંથી દૂધ કાઢીને ટોમીડાને પીવડાવે તો ખરી જ. પછી જ નિશાળે ભણવા જાય.

એક દિવસ પપ્પા ઘરમાં મમ્મીને લડયા, “ટોમીડું દાંત બેસાડશે તો ઈન્જેક્શન લેવા પડશે. મધુ તો બાળકી છે પણ તમે કેમ સમજતા નથી ?”

બસ હવે તો મધુનું આવી બન્યું. બીજે દિવસે મમ્મીએ ટોમીડાને કાઢી મૂક્યું ને મધુને ધમકાવી, “ખબરદાર જો ટોમીડાને દૂધ–રોટલી આપી છે તો.”

મધુ મમ્મીના ગુસ્સા અને પપ્પાની કડકાઈથી ડરી ગઈ. તેણે આજે દૂધ ન પીધું. તેને આજે ખાવાનું પણ ન ભાવ્યું. જેમતેમ બે કોળિયા ગળે ઉતારી નિશાળે ગઈ. નિશાળમાં પણ તેને ટોમીડાની યાદ સતાવવા લાગી. સાંજે ઘેર આવી ત્યાં તો તાવ ચડયો. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ થયા. પણ મધુને તાવ ઊતરતો નથી એ જાણીને મમ્મીને ચિંતા થઈ. પપ્પા મૂંઝાયા. ડૉક્ટર પણ અચંબો પામ્યા કે મધુને તાવ કેમ ઊતરતો નથી ?

ઘરમાં મધુનાં ઘરડાં દાદીમાં હતાં. તેમણે મધુની મમ્મી શીલાબહેનને કહ્યું, “શીલા, મારું માનો તો શેરીમાં જઈ ટોમીડાને શોધી લાવો.”

શીલાબહેન શેરીમાં જઈ ટોમીડાને શોધી લાવ્યા. ટોમીડું પણ ત્રણ દિવસમાં ખાધાપીધા વગર મરવા પડેલું. દાદીમા ઘરમાંથી દૂધ અને રોટલી લાવ્યાં. મધુને દૂધની વાટકી આપી કહ્યું : “લે બેટા, તું જ ટોમીડાને ખવડાવ.”

મધુ રાજી રાજી થઈ ગઈ. ટોમીડાને વહાલથી દૂધ–રોટલી ખવડાવી. ટોમીડું દૂધ–રોટલી ખાઈને ત્યાં જ પૂંછડી પટપટાવતું સૂઈ ગયું ને મધુ પણ આનંદથી સૂઈ ગઈ. તે સૂઈને ઊઠી ત્યાં તો તાવ ગાયબ. મધુ સાજી થઈ ગઈ.

દાદીમાને સંતોષ થયો. મમ્મી–પપ્પા હસી પડયાં.

**સૌજન્ય : ફૂલપરીની કિટ્ટા**